ગુજરાત વેપારી મહામંડળ

Gujarat Chamber of Commerce & Industry

Azadi Ka Amrit Mahotsav

Hemant Shah
President

Pathik Patwari
Sr. Vice President

Sanjeev Chhajer
Vice President

Sachin Patel
Hon. Secretary

Mahesh Puj
Hon. Secretary (R)

Navroz Tarapore
Hon. Treasurer

તા. ૨૬/03/૨૦૨૨ / 15374

શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા
માનનીય ઉદ્યોગમંત્રીશ્રી (રાજ્ય કક્ષા)
ગુજરાત સરકાર
સ્વર્ણિમ સંકુલ ૧,
સચિવાલય,
ગાંધીનગર.

**વિષય : જી.આઈ.ડી.સી.ના ઉદ્યોગકારોને પડતી મુશ્કેલી બાબત.**

માનનીય મંત્રીશ્રી,

કુશળ હશો,

આપશ્રી તરફથી ઉદ્યોગોના વિકાસ માટે ઝડપી પગલા લેવામાં આવી રહ્યા છે તે પ્રશંસાને પાત્ર છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી બનાવવાના સ્વપ્ન પૂરૂં કરવાની દિશામાં જઈ રહ્યા છીએ.

ગુજરાતની જી.આઈ.ડી.સી.માં નાના ઉદ્યોગોને વિકાસ પામવા માટે સારી તક પૂરી પાડવામાં આવે છે. તા. 23-02-2022 ના પત્ર દ્વારા જી.આઈ.ડી.સી ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટરશ્રીને અગાઉ GIDCને લગતા અમુક વહીવટી તેમજ રિજનલ મુદ્દાઓ મોકલાવેલ હતા. અમારી પાસે આવેલ રજુઆતો પ્રમાણે જી.આઈ.ડી.સીના ઉદ્યોગકારોને જે પોલિસીને લગતા વધારાના પ્રશ્નો છે તે અને તેના માટેના સૂચનો આ સાથે રજુ કરીએ છીએ. આપ આ અંગે જી.આઈ.ડી.સી, આપશ્રી અને ઉદ્યોગોની (GCCI) મીટીંગ કરી ચર્ચા-વિચારણા કરી આ પ્રશ્નોના સુખદ અંત લાવશો તેવી આશા છે.

આપનો વિશ્વાસુ,

હેમંત શાહ
પ્રમુખ.

**નકલ રવાના: શ્રી એમ. થેનારસન, IAS, વાઇસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરશ્રી, જી.આઈ.ડી.સી., ગાંધીનગર.**

| નં | રજુઆત | સુચન |
|---|---|---|
| ૧ | ગુજરાતભરની આશરે ૧૫૦ GIDC માં લોકલ ઓર્થોરીટી અને GIDC એમ બે પ્રકારના ટેક્ષ લેવાય છે જે કુદરતી અન્યાય છે. લોકલ ઓર્થોરીટી જેવી કે પંચાયત, નગરપાલિકા, કોર્પોરેશન જે ટેક્ષ ચાર્જ કરી ને કોઈ પણ જાતની સુવિધા આપતા નથી જયારે ઉદ્યોગો સર્વિસની જાળવણી GIDCના સર્વિસ ચાર્જ પેટે ઉઘરાવીને કરે છે. | સરકારશ્રી એ એક આદેશ જાહેર કરી તમામ GIDC વિસ્તારને નોટીફાઈડ વિસ્તાર જાહેર કરવા જોઈએ જેથી GIDC ના ઉદ્યોગકારો તેમના ટેક્ષ કલેક્શનથી લઈને માળખાકીય સુવિધાઓની જાળવણી તમામ કાર્ય GIDCના અધિકારીઓ સાથે રાખીને કરી શકે ઉપરાંત ટેક્ષ ની અમુક રકમ આજુબાજુના ગામના વિકાસ માટે વાપરી શકે ( હાલ ૩૩% સર્વગ્રાહી ફંડમાં નોટીફાઈડ વિસ્તારો વાપરે છે )<br>અથવા<br>અમદાવાદના GIDCના ઉદ્યોગકારો અને કોર્પોરેશન વચ્ચે હાઇકોર્ટમાં એક MOU થયું છે જેમાં ટેક્ષના ૨૫% કોર્પોરેશનને જાય છે અને ૭૫% લોકલ ઓર્થોરીટી ને મળે છે તેમાંથી તેઓ માળખાકીય સુવિધાઓની જાળવણી સારી રીતે કરી શકે છે આ રીતે ગુજરાતભરની તમામ લોકલ ઓર્થોરીટીને સરકારશ્રી આદેશ આપી એક ટેક્ષ કલેક્શન માટે ESCROW A/C ખોલવામાં આવે અને તેમાં આવેલ ટેક્ષની રકમના ૨૫ % લોકલ ઓર્થોરીટીને અને બાકીના ૭૫% લોકલ એસોસિયેશનને મળે તેમાંથી લોકલ ઉદ્યોગકારો તેમના વહીવટ કરી શકે. |

| નં | રજુઆત | સુચન |
|---|---|---|
| ૨ | GIDCમાં ટ્રાન્સફર ફીસમાં ઘટાડો કરવો જરૂરી છે. GIDC વસાહતમાં આવેલ પ્લોટ કોઈ ઉદ્યોગકાર વેચવા માંગે તો ૫% થી ૩૫% સુધી ટ્રાન્સફર ફીસ લેવામાં આવે છે ઉપરાંત ૬% જેટલી રજીસ્ટ્રેશન ફીસ પણ વસુલવામાં આવે છે. | જીઆઈડીસી ત્રણ અલગ રીતે વિતરણ ના આજના ભાવ મુજબ ૫/૧૦/૧૫% ટ્રાન્સફર ફીસ લેતી હોય છે.ખુલ્લા પ્લોટ મા આ ફીસ ૩૦% હોય છે ,સાથે રજીસ્ટાર (સરકાર) ની ફીસ ૫.૯% અલગ હોય છે. આ બધું ભારણ આવનાર નવા ઉદ્યોગો પર જાય છે અને આ કારણો થી નવા ઉધોગો ને ખૂબ તકલીફ પડે છે.સાથે અલગ ટ્રાન્સફર ફીસ ના માળખા ને લીધે ટ્રાન્સફર ના સમયે ઘણાં બધા પુરાવા આપવા પડે છે તેનાથી સમય,શક્તિ ખૂબ બગડે છે અને ભ્રષ્ટાચારને મોકળું મેદાન મળે છે. આ માટે વપરાશી કિસ્સામાં ૫% અને વણ વપરાશી કિસ્સામાં ૧૦% હોવી જોઈએ. |
| 3. | આત્મનિર્ભર પોલિસી માં બાકી રહી ગયેલા ઉધોગોને લાભ આપવો જોઈએ. ઘણા ઉદ્યોગો બંધારણ મા ફેરફાર, વારસાઈ, પ્લાન પાસ ના થયો,૨૦૨૨ થી ૨૦૨૩ ની મુદત લબાવવા અરજી ના કરી શક્યા. આવા કારણોસર ઘણાં ઉદ્યોગો લાભથી વંચિત રહી ગયેલા છે.આ ઉદ્યોગો ની સંખ્યા ૧૦૦ કરતા વધારે છે. તેઓને આ લાભ આપવો જોઇએ. | જીઆઈડીસી એ જાહેરાત કરવી જોઈએ કે જે કોઈ ઉદ્યોગ ૨૦૨૩ સુધીમાં ઉત્પાદન માં આવી જશે તે તમામ ઉદ્યોગો ને કોઈ પ્રકાર ના વાંધા વગર આ લાભ આપવામાં |
| ૪. | વન ટાઇમ સેટલમેન્ટ સ્કીમ એક વર્ષ માટે લાવવી જોઈએ.<br>કોરોના ની બે વર્ષની મહામારી મા ઘણું નુકશાન કરી ગુજરાતનો ઉદ્યોગ બેઠો થઈ રહ્યો છે,દરેક કાચા માલ ના ભાવો વધી ગયા છે, અને જ્યારે માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી અર્થ તંત્ર ને વેગીલું બનાવી રહ્યા છે ત્યારે ગુજરાતના ઉદ્યોગો ને આ રાહત થી તેટલી રકમ તેના ઉદ્યોગના વિકાસમાં કામ લાગી શકે તેમ છે. | વન ટાઇમ સેટલમેન્ટ સ્કીમ ૧ વર્ષ માટે લાગુ કરવી જોઈએ અને તેમાં પેનલ ઇન્ટટેસ્ટ ૧૦૦% અને આઇ.ડી.પી. ૫૦% માફ આપવું જોઈએ. |

| નં | રજુઆત | સુચન |
|---|---|---|
| ૫ | જે વસાહતમાં જીઆઈડીસી દ્વારા માળખાકીય સુવિધાઓ સમયસર નથી આંપી તેવી વસાહતો ને ફાળવણી ની તારીખ બદલી આપવી જોઇએ. આ અંગે ખૂબ રજૂઆતો કરવામાં આવી છે. સાણંદ, સાઇખા,દહેજ જેવી વસાહતો મા માળખાકીય સુવિધાઓ ત્રણ થી ચાર વર્ષ મોડી આપવામાં આવી હતી, આ કારણોસર ઉદ્યોગકારો ને તેમના ઉદ્યોગો સમયસર ચાલુ કરી શક્યા નથી અને તેને આ કારણે નાણાકીય નુકશાન થયું છે. આ અંગે તા. ૭/૦૫/૨૦૧૫ ના રોજ જીઆઈડીસી દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો છતાં તેનો હજુ સુધી અમલ થયો નથી. | આવા સંજોગોમાં ઉદ્યોગો ને તેની ફાળવણીની તારીખ તા. ૦૭/૦૫/૨૦૧૫ ના પરિપત્ર નો અમલ કરી બદલી આપવી જોઈએ. ઘણા કિસ્સાઓમાં ઉદ્યોગો ને ફાળવણી ની તારીખ બદલી આપેલી છે. તેના આધારે પરિપત્ર મુજબ ફાળવણી ની તારીખ બદલી આપવી જોઇએ. |
| ૬. | નાના તેમજ મોટા એસ્ટેટો ની પોલિસી અલગ હોવી જોઈએ. ગુજરાતમાં ૨૨૦ માંથી મોટા ભાગની વસાહતો નાની તેમજ અંતરિયાળ વિસ્તારમાં આવેલી છે તેના કારણે દૂરના વિસ્તારોમાં ઉદ્યોગ અને રોજગારી મળી રહે તે સરકારનો ઉદયેશ છે.<br>૧૦૦ હેકટર કરતા નાની વસાહતો માટે અલગ પોલિસી બનાવવી જોઈએ. કારણકે તેમાં પ્લોટ નાના (૫૦૦ ચો.મી. ) તથા નાના ઉદ્યોગકાર દ્વારા ચલાવવામાં આવે છે . આવા અંતરિયાળ વિસ્તારમાં સુવિધાઓનો પણ મોટો અભાવ હોય છે. આ કારણોસર નાના ઉદ્યોગો ને તેની ઉત્પાદન કિંમત વધે છે સાથે તેના વિકાસ માટે ખૂબ તકલીફો પડે છે. | ૧૦૦ હેકટર થી નાના એસ્ટેટ માટે તેની Allotment price (AP) વધારવી ના જોઈએ અને દંડ,ટ્રાન્સફર ફીસ જેવા બધા charges માં ૫૦% ડિસ્કાઉન્ટ આપવું જોઇએ. |